# સોનાનાં ઓજાર

કાશી નગરીમાં એક મોચી રહેતો હતો,તે બહુ પ્રમાણિત હતો.. સંતોષી પણ એટલો જ . એક વાર એક સાધુ આવી મોચીને પૂછવા લાગ્યોઃ . મોચી ભગત ! મારા પગના પગરખાનુ શું પડે ?



મોચીએ કહ્યું મારી પાસે સીવેલાંદ તૈયાર નથી, મહારાજ. સાધુ કહે સીવી દોતો શું લો ?"

મોચીએ કહ્યું દોઠ રૂપિયો.' સાધુંને નવાઇ લાગી. બીજાઓએ બે રૂપિયા દેખાડયા હતા. પછી ઘટાડીને દોઢ રૂપિયા સુધી આવ્યાન હતા. પણ આણે તો મૂળમાં જ દોઢ રૂપિયો કહ્યો.સાધુએ પૂછયું :" દોઠ તો કહેવાનો પણ લેવાના કેટલા પૈસા ? મોચી સાધુ સામે જોઇ હસવા લાગ્યોૃ. તેણે કહ્યું જે કહેવાના એ લેવાના મહારાજ. આપની ઇચ્છા હોય તો બનાવુ.

સાધુએ કહ્યું અચ્છો બનાવો, કયારે આપશો ?'

મોચી બોલ્યો પરમ દિવસે આજ વખતે.' સાધુ કહે, જરૂર હોં ! મારે પરમ દિવસે સાંજે જવુ છે, માટે ભૂલ ન થાય'. મોચી કહેઃ' કહે જાઓ કે ન જાઓ ! પરમ દિવસે તમને આ વખતે જરૂર મળી જશે '. પણ સાધુને મોચીના વાયદામાં જરા પણ વિસ્વાૃસ ન હતો. બીજા દિવસે વળી એણે મોચીને ત્યાંણ.આંટો માર્યો. મોચીને પૂછ્યુંઃ 'મોચી બ હગત, કેટલે આવ્યું આપણું કામ?'

મોચીએ કહ્યુંઃ'બેફિકર રહો મહારાજ, વાયદો નહીં ચૂકું' છતાંય સાધુને શાંતિ ન વળી, ત્રીજા દિવસે સવારમાં વળી સાધુને વિચાર આવ્યોઃ સઇની સવાર અને મોચીની સાંજ! લાવ ને જરા મોચીને ત્યાં આંટો મારૂં. પણ આ વખતે તો મોચીએ સાધુની કિંમત કરી. તેણે કહ્યુંઃ'મહારાજ, તમને માણસ પારખતાં આવડતું નથી. આખી દુનિયા જૂઠું બોલે છે એમ જ તમે માનો છો. નાહક શું કામ ધક્કા ખાઓ છો? સાંજે આવજો, જાઓ.' સાંજે સમય પ્રમાણે સાધુ આવ્યો ત્યારે પગરખાં બિલકુલ તૈયાર હતાં. આ જોઇને સાધુ મોચી ઉપર બહુ ખુશ થયો. તે સમજી ગયોઃ મોચી સચે સાચો ભક્ત છે. તે કદી જૂઠું બોલતો નથી.

સાધુએ તેને બે રૂપિયા આપ્યા. મોચી પાસે છૂટા પૈસા ન હતા. તે પૈસા લઇને ઊભો થયો. તેણે સાધુને કહ્યું:'જરાક ઊભા રહો મહારાજ, હું સામેની દુકાનેથી પરચૂરણ લઇ આવું.' સાધુએ કહ્યું:' રહેવા દો ભગત, એટલા પૈસાની આપણા તરફથી તમાકુ પીજો.' મોચીએ કહ્યું: 'હું તમકુ પીતો નથી, મહારાજ.' 'તો આપણા તરફથી ખાસડાં સીવવા દોરી લાવજો.' 'ના મહારાજ, હરામનો પૈસો મને ન ખપે.' તે સામેની દુકાને પરચૂરણ લેવા ગયો. સાધુ તો મોચીની આ ભાવના જોઇને એના ઉપર ખૂબ જ ખુશ થયો. તેણે હળવેક રહીને ઝોળીમાંથી પારસમણિ કાઢ્યો. કોઇ જુએ નહિ એ રીતે મોચીનાં ઓજારોને પારસમણિ ઘસી દીધો. બધા ઓજાર સોનાનાં થઇ ગયાં. પછી મોચી સામે પગ ઉપાડ્યો. તેની પાસે બાકીના પૈસા લઇને બરોબાર ચાલતો થયો. દુકાન ઉપર આવી મોચીએ જોયું તો ઓજાર બધાં સોનાનાં, તે સમજી ગયો કે આ કામ પેલા સાધુનુ છે. મોચીનો જીવ બળી ઊઠયો. તે નિસાસો નાખી બબડયો "અરે ભગવાન! હવે હું આ સોનાનાં ઓજારોથી કેવી રીતે કામ કરીશ, તેણે ઓજારો લઇને ઘરના ખૂણામાં નાંખ્યામ. પછી ઊંચે મૂકેલા ધસાયેલા ઓજાર ઉતારી વળી પાછો કામે વર્યો. હવે તેણે કાન પકટયો કોઇ દિવસ આ બેઠાખાઉ લોકોનો ભરોસો કરવો નહી.

બીચારાએ બાર મહિના મજૂરી કરી ત્યાહરે માંડ માંડ જવા ઓજાર વસાવી શકયો.

એક વાર તે ભજન ગણગણતો નીચે નજરે સીવતો હતો. ત્યાંઇ એના કાને કોઇકનો અવાજ પડયોઃ 'કેમ છો મોચી ભગત ?'

મોચીએ જોયું તો પેલોજ સાધુ હતો. તેણે સાધુને કહ્યું: 'ઓજાર બગાડી ગયા હતા એજ ને તમે, હા મહારાજ.' સાધુને નવાઇ લાગી એને તો હતું કે પોતાને ઓળખતાં જ મોચી ભગત પગે પડશે. માનપાન કરશે ને ઘણો ઘણો આભાર માનશે. પણ એના બદલે આ માણસ તો પોતાને ઠપકો આપતો હતો. સાધુને વહેમ પડયોઃ આ બીચારો સોનાને પિત્તશળ ધારી બેઠો છે. તેણે કહ્યું: 'મોચી ભગત, ઓજાર બગડયાં નથી, સોનાનાં બનાવ્યાં છે. કયાં છે એ ? નાખી તો નથી દીધાને ?'

'મને ખબર છે મહારાજ , સોનાનાં છે. પણ એ સોનું મેં મારા બાવડાંના બળથી મેં ઓછું મેળવ્યું છે. ? આવું મફતનું સોનું શું કરવું છે.? એ પડયાં ખૂણામાં તમારે જોઇએ તો લઇ જાઓ! સાધુએ મોચીને શિખામણ આપતાં કહ્યું: 'મોચી ભગત, તમને કશી ગમ નથી. સોનું વેચીને પૈસા બનાવો ને મજા કરો. આ કાચી દુકાનને પાકી કરો. કામ કરનાર માણસો રાખો, બેઠાં બેઠાં ખાઓ અને લહેર ઉડાવો.'

મોચીએ પૂછયું:' ભગવાને આ હાથ પગ આપ્યાો છે એને શું કરું, મહારાજ ?

સાધુ તો મોચી ભગત સામે તાકી જ રહયો. મોચીએ કહ્યું: 'સાધુ મહારાજ ભગવાને હાથ-પગ કંઇ બેઠાં બઠાં ખાવા માટે નથી આપ્યાર. કામ કરવા આપ્યા છે. આવી શિખામણ બીજાકોઇને આપતા નહી, નહિ તો મારાં તો તમે ઓજાર બગાડયા પણ બીજાના તો અવતાર બગાડી આપશો. માણસ કઇ ઢોર નથી કે બેઠાં બેઠાં ખાય ને બીજાની કમાઇ ઉપર જીવે.' આ સાંભળી સાધુ ખૂબ શરમાઇ ગયો. નીચા મોંએ બોલ્યોઃર 'મોચી ભગત! સાચી વાત છે, ભગવાને કામ કરવા જ હાથ-પગ આપ્યા્ છે. હવેથી હું પણ હાથે કમાઇને ખાઇશ ને તમારા જેવો જીવનનો સાચો આનંદ મેળવીશ.

પન્ના લાલ પટેલ